# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-01-2025** **Morning : 7.10 to 7.20**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1) સિલ્વર ઓક યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુવા શક્તિએ પોતાના કૌશલ્યોનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણમાં કરવો જોઈએ તેવું આહવાન કર્યું

2) રાજ્યના 32 જેટલા માર્ગ પર નવા મેજર-માઈનર પૂલના બાંધકામ માટે 778 કરોડ 74 લાખ રૂપિયાની દરખાસ્તને મંજૂરી

3) **HMPV વાયરસને ધ્યાનમાં રાખી ગાંધીનગર અને અમદાવાદની સિવિલ હોસ્પિલટમાં આઈસોલેશન વોર્ડ તૈયાર**

4) અમદાવાદના ઈન્ટરનેશનલ ફ્લાવર શોને વર્લ્ડ લાર્જેસ્ટ ફ્લાવર બુકે માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન.

5) વિશ્વ ટેબલ ટેનિસ સ્પર્ધામાં રાજ્યના માનવ ઠક્કર અને મનિકા બત્રાની જોડીએ ફ્રેન્ચ જોડીને હરાવી પ્રિ-ક્વાર્ટરમાં પ્રવેશ કર્યો.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SILVER OAK UIN

અમદાવાદ ખાતે સિલ્વર ઓક યુનિવર્સિટીના ત્રીજા દીક્ષાંત સમારોહમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  જણાવ્યું હતું કે, યુવા શક્તિ એ પોતાના કૌશલ્યોનો  ઉપયોગ રાષ્ટ્ર નિર્માણમાં કરવો જોઈએ ....૧૦૩ યુનિવર્સિટીઓ સાથે રાજ્ય દેશમાં સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીના હબ તરીકે ઊભરી આવ્યું છે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

## (બાઈટ – ભુપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી ગુજરાત)

.. ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સ,ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ડિફેન્સ, રીન્યુએબલ એનર્જી જેવા ઉભરતા ક્ષેત્રોમાં આધુનિક જ્ઞાન આપતી નેશનલ યુનિવર્સિટીઝ કાર્યરત છે તેવો પણ તેમણએ પોતાના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો . સિલ્વર ઓક યુનિવર્સિટી દ્વારા ત્રીજા પદવીદાન સમારોહમાં  ત્રણ હજાર ૯૦૬ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ સાથે ૪૦ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક  અને ૧૪ વિદ્યાર્થીઓને મેરિટ સર્ટિફિકેટ્સ એનાયત થયા હતા.

# ROAD SUVIDHA

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના 32 જેટલા માર્ગ પર નવા મેજર-માઈનર પૂલના બાંધકામ માટે 778 કરોડ 74 લાખ રૂપિયાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

આ મંજૂરીથી નાગરિકોની અવરજવર માટે વધુ સુવિધાજનક માર્ગ મળશે. રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં એક હજાર 307 કરોડ રૂપિયાની મદદથી સાંકડા પુલના માળખાને પહોળા કરવા, જૂના અને નબળા પૂલની જગ્યાએ મેજર-માઈનોર પૂલના પુનઃબાંધકામ અને મરામત જેવા 265 કામ માટે ફાળવવામાં આવ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# CM RED CROSS

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની અમદાવાદ શાખા દ્વારા 'પ્રાઈડ ઓફ અમદાવાદ' એવોર્ડ સમારોહ ૨૦૨૩-૨૦૨૪ યોજાયો હતો..આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સેન્ચ્યુરીયન બ્લડ ડોનર્સ અને સ્ટાર બ્લડ ડોનર ઇન્સ્ટિટયૂશન્સને સન્માનિત કર્યા હતા..**

**ગુજરાતની ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીનાચેરમેન અજય પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વધુને વધુ રક્તદાન કરવા માટે નાગરિકોને અપીલ કરી હતી.. રેડક્રોસની ગુજરાત શાખા દ્વારા રાહત દરે પેથોલોજીની સેવા , દવાઓ અને અન્ય જરૂરિયાતો લોકોને પૂરી પાડવામાં આવતી હોવાનુ જણાવ્યુ હતું..**

# GANDHINAGAR CIVIL FOR MORNING

**ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં HMPV એટલે કે, હ્યુમન મેટાન્યૂમો વાઈરસને ધ્યાનમાં રાખી નવો આઈસૉલેશન વૉર્ડ તૈયાર કરાયો છે. આ વૉર્ડમાં 25**

વેન્ટિલેશન યંત્ર, PPE કિટ સહિતની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું સિવિલ હૉસ્પિટલનાં અધિક્ષક મિતા પરીખે જણાવ્યું હતું.

## (બાઇટ - મીતા પરીખ, અધિક્ષક, સિવિલ હૉસ્પિટલ)

આ વાયરસને પગલે અમદાવાદમાં પણ તકેદારીના ભાગરૂપે આઈસોલેશન વોર્ડ તૈયાર કરાયો છે.

# INTERNATIONAL KITE FESTIVAL

અમદાવાદમાં 11થી 14 જાન્યુઆરી સુધી આંતર-રાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. દરમિયાન 12 જાન્યુઆરીએ સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાજકોટ અને વડોદરા ખાતે અને 13મીએ સુરત, શિવરાજપુર અને ધોરડો ખાતે આ મહોત્સવ યોજાશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

## (વૉઈસકાસ્ટ- પ્રવેશ અડિએચા)

(રાજ્યની ઉત્તરાયણને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ બનાવવા અને દેશવિદેશના પતંગબાજોને રાજ્યમાં પતંગ ઉડાડવા માટે આમંત્રિત કરવા દર વર્ષે આંતર-રાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજવામાં આવે છે. આ વખતે મહોત્સવમાં 47 દેશમાંથી 143 પતંગબાજ અને દેશના અન્ય 11 રાજ્યમાંથી 52 જેટલા પતંગબાજ

**ભાગ લેશે. એટલું જ નહીં, રાજ્યમાંથી પણ 11 જેટલા શહેરોમાંથી 417 જેટલા પતંગબાજ આ મહોત્સવમાં જોડાશે. દેશવિદેશમાંથી રાજ્યમાં આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારવાળી રંગબેરંગી પતંગ આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે.)**

**પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ**

# FLOWER SHOW

સતત બીજા વર્ષે વૈશ્વિક બહુમાન મેળવનાર અમદાવાદના ઈન્ટરનેશનલ ફ્લાવર શોને વર્લ્ડ લાર્જેસ્ટ ફ્લાવર બુકે માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. આ એવોર્ડ અગાઉ યુનાઈટેડ આરબ એમિરેટસની અલ-એઈન મ્યુનિસિપાલટીના નામ ઉપર હતો.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે અમદાવાદમાં ફ્લાવર શોમાં સૌથી લાંબી ફ્લાવર વોલને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન7 મળ્યું હતું. ગિનિસ બુકની ટીમ દ્વારા આપવામાં આવેલા આ એવોર્ડને ડેપ્યુટી મેયર જતીન પટેલ સહિત મ્યુનિસિપાલટીના પદાધિકારીઓ દ્વારા સ્વિકારવામાં આવ્યો.

# WEATHER FOR MORNING

હવામાન વિભાગે આગામી 2 દિવસ બાદ ઠંડીમાંથી આંશિક રાહત મળવાની આગાહી કરી છે. હાલમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી આવતા પવનોના કારણે રાજ્યના વિવિધ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન ઘટ્યું છે, જે હજી પણ આગામી 48 કલાક સુધી યથાવત રહેવાનું હવામાન વિભાગના નિર્દેશક એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઇટ - એ. કે. દાસ, હવામાન વિભાગના નિર્દેશક)**

# Table Tennis

વિશ્વ ટેબલ ટેનિસ સ્પર્ધામાં, રાજ્યના માનવ ઠક્કર અને મનિકા બત્રાની જોડી પ્રિ-ક્વાર્ટરમાં પ્રવેશી છે.

ગઈકાલે દોહા કતારના લુસેલ સ્પોર્ટ્સ એરેના ખાતે ક્વોલિફાઈંગ રાઉન્ડમાં તેમણે ફ્રેન્ચ જોડીને 3-1થી હરાવી હતી . હવે તેઓ આજે પ્રિ-ક્વાર્ટરમાં યુઆન્યુ ચેન અને યી ચેનની ચીનની જોડી સામે ટકરાશે.

પુરુષ સિંગલ્સમાં, માનવ ઠક્કર આજે રાઉન્ડ ઓફ 64માં રોમાનિયાના ખેલાડી સામે ટકરાશે.

# SVIP PASSENGERS

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી  છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન મુસાફરોની સંખ્યામાં વૃદ્ધિ જોવા મળી છે. આ સમયગાળામાં 3.5

મિલિયનથી વધુ મુસાફરોએ એરપોર્ટ પરથી મુસાફરી કરી  છે. જે અગાઉના વર્ષની 3 મિલિયનની સંખ્યા કરતાં 18% વધુ છે.

અમદાવાદ એરપોર્ટ પર 27,000 થી વધુ એરક્રાફ્ટ ટ્રાફિક મૂવમેન્ટના સંચાલન સાથે 15% નો વધારો જોવા મળ્યો.  22 ડિસેમ્બર 2024 ના રોજ SVPI એરપોર્ટ પર 324 ATM સાથે 44,253 મુસાફરોની અવરજવર જોવા મળી હતી, જે વર્તમાન નાણાકીય વર્ષમાં સૌથી વધુ છે.

# GCCI

GCCI દ્વારા ગઈકાલે સ્ટાર્ટઅપ્સ માટે ફંડ રેઇઝિંગ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે GCCI ના વાઇસ પ્રેસિડેન્ટ રાજેશ ગાંધીએ ભાગ લઇ રહેલ વિવિધ સ્ટાર્ટઅપ્સનું સ્વાગત કર્યું હતું. તેમણે સ્ટાર્ટઅપ એકમોના યોગદાનની પ્રસંશા કરતા જણાવ્યું કે તેઓ થકી ગુજરાતના વિવિધ ઉદ્યોગ સાહસિકોને તેઓની પ્રગતિ માટે સુંદર તકો મળી રહેશે.આ સાથે તેઓએ GCCI દ્વારા અમદાવાદના સાયસન્સસિટીના વિજ્ઞાન ભવનમાં 10મીથી 12મી એપ્રિલ દરમિયાન યોજાનાર "GCCI વાર્ષિક ટ્રેડ એક્સ્પો - ગેટ 2025" વિશે પણ જાહેરાત કરી હતી.

# DAKOR RELLY

ખેડા જિલ્લાનાં ડાકોર ખાતે સ્વચ્છતા રેલીનું આયોજન ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું લોકોમાં સ્વચ્છતાના

મહત્વ વિશે જાગૃતિ લાવવાના હેતુથી આ રેલીનું આયોજન કરાયું હતું. અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે ડાકોર નવા બસ સ્ટેન્ડથી ડાકોર ગોમતી તળાવ સુધી સ્વચ્છતા રેલી યોજાઈ હતી. રેલીમાં લોકોને સ્વચ્છતા અંગે અવગત કરાવી ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# NAMO SHREE

રાજ્યમાં “નમોશ્રી” યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 3 લાખ 11 હજાર સગર્ભા અને ધાત્રિ માતાઓને 71 કરોડથી વધુ રૂપિયાની રકમની નાણાકીય સહાય સીધા જ તેમના બૅન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, એપ્રિલ 2024થી શરૂ થયેલી આ યોજના અંતર્ગત સૌથી વધુ લાભ અમદાવાદ, સુરત, રાજકોટ, દાહોદ અને બનાસકાંઠા જિલ્લાને અપાયો છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના નવજાત બાળકોને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવા તથા રાજ્યમાં બાળ અને માતા મૃત્યુદરમાં ઘટાડો કરવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2024-25ના અંદાજપત્રમાં “નમોશ્રી” યોજના શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત લાભાર્થી મહિલાઓને તબક્કાવાર વર્ષે 12 હજાર રૂપિયાની સહાય અપાય છે.

# BHU-MAAFIYA ARREST-GIR SOMNAATH

ગીર સોમનાથ જિલ્લામાં ભૂસ્તરખાતાની ક્ષેત્રિય ટીમ દ્વારા ગેરકાયદે વહન બદલ 4 ટ્રેકટર અને 1 ડમ્પર સહિત કુલ 40 લાખ રૂપિયાનો માલ-સામાન જપ્ત કરાયો હતો.

જિલ્લાકલેક્ટરનાં માર્ગદર્શન હેઠળ તાલાળા તાલુકાના બોરવાવ ખાતે અને ઉના તાલુકાના જાખરવડા ખાતે રેતી ભરેલા ટ્રેક્ટર અને ડમ્પર  તેમજ વેરાવળ બાયપાસ ખાતેથી બિલ્ડિંગ લાઈમ સ્ટોનના ગેરકાયદેસર વાહન બદલ આ કાર્યવાહી કરવામાં આવી હતી.